**સાતફેરા સમુહ લગ્ન સહાય યોજના અંગે વારંવાર પૂછાતા પ્રશ્નો (FAQS)**

(૧) આ યોજનાનો લાભ લેવા માટે ઓછામાં ઓછા કેટલા યુગલોનો સમૂહ લગ્ન યોજવો પડે?
ઓછામાંઓછા ૧૦ નવયુગલોનો સમૂહલગ્નનો કાર્યક્રમ યોજવો પડે.

(૨) સમૂહ લગ્ન આયોજક સંસ્થાને કેટલી સહાય મળે ?
યુગલ દીઠ રૂ.૩,૦૦૦/- ની સહાય (રૂ. ૭૫,૦૦૦/-ની મર્યાદામાં) તથા પ્રશસ્તિપત્ર આપવામાં આવે છે.

(૩) સમૂહ લગ્નમાં જોડાનારને કુંવરબાઈનું મામરૂ યોજના હેઠળ સહાય મળી શકે?
હા. કુવરબાઈનું મામેરુ યોજનાનો લાભ પણ મળવાપાત્ર છે.

(૪) સંસ્થાએ આ સહાય મેળવવા કેટલા સમયમાં જાણ કરવાની છે ?
આ યોજનાનો લાભ લેવા માટે આયોજક સંસ્થાએ સમૂહ લગ્નના ૧૫ દિવસ અગાઉ જિલ્લા સમાજકલ્યાણ અધિકારીને જાણ કરવાની રહે છે.

(૫) સહાય કઇ રીતે મળે ?
DBT ( Direct Bank Transfer) દ્વારા કન્યાને રૂ.૧૨,૦૦૦/-ની સહાય ચુકવવામાં આવે છે.

(૬) આ યોજનાનો લાભ લેવા માટે કેવા પુરાવા રજુ કરવા પડે છે ?

(૧) સમૂહ લગ્ન યોજનાર સંસ્થાની Letter Pad ઉપર લગ્નમાં જોડાનાર યુગલોના નામ/સરનામાંની વિગત.
(૨) રહેઠાણનો પુરાવો
(૩) લગ્ન રજીસ્ટ્રેશનની નકલ.
(૪) આવક/જાતિ અંગે સક્ષમ અધિકારીનો દાખલો.
(૫) લગ્ન અંગેની કંકોત્રી
(૬) નવયુગલના ઉંમર અંગેના પુરાવા.

(૭) યુવક સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ પૈકીનો ન હોય તો સહાય મળવાપાત્ર છે.
હા, કન્યાની જાતિ સામાજિક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગની અને આર્થિક પછાત વર્ગની હોવી જરૂરી છે.